ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે કોમ્પ્યુટર
કૌશલ્ય પરીક્ષા પાસ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક:કેટીપી-૧૧૨૦૦૭-૩૦૩૬૨-ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૧-૧૦-૨૦૦૬

વંચાણે લીધા:- (૧) સા.વ.વિભાગનું તા.૩૦-૯-૦૬નું જાહેરનામું ક્રમાંક:જીએસ-૨૦૦૬-૩૧-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક !
(૨) સા.વ.વિભાગનો તા.૩૦-૯-૦૬નો ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક
(3) સા.વ.વિભાગનું તા.૨૦-૯-૦૭નું જાહેરનામું ક્રમાંક:જીએસ-૨૦૦૭-૨૩-ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક
(૪) નાણા વિભાગનો તા.૧૬-૮-૯૪નો ઠરાવ ક્રમાંક:પગર-૧૧૯૪-૪૪-મ
(૫) નાણા વિભાગનો તા.૨-૭-૦૭નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ

આમુખ ::-

રાજ્ય સરકારની ઇ-ગવર્નન્સની નીતિ અન્વયે વર્ગ-૧થી વર્ગ-૩ની જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીથી નિમણૂક પામતા અધિકારીઓ / કર્મચારીઓ માટે કોમ્પ્યુટર જ્ઞાનની જાણકારી ફરજિયાત બનાવવાના ભાગરૂપે કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ આમુખમાં દર્શાવેલા ક્રમાંક (૧) પરના જાહેરનામા અન્વયે અમલમાં મૂકાયેલ છે. તદાનુસાર સીધી ભરતી કે બઢતી સમયે તા.૧-૧૦-૦૬થી વર્ગ-૩ની જગ્યા પર **C.C.C.** સ્તરની તથા વર્ગ-૨ અને વર્ગ-૧ની જગ્યા પર **C.C.C.+** સ્તરની પરીક્ષા પાસ કરવાની રહે છે. જે અધિકારીઓ / કર્મચારીઓએ બઢતીને પાત્ર હોવા છતાં કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ કરેલ નથી તેઓને આમુખમાં નિર્દિષ્ટ ક્રમ:(3)પરના જાહેરનામાંથી તા.૩૦-૬-૨૦૦૮ સુધીમાં આ પરીક્ષા પાસ કરવાની શરતે બઢતી આપવાની જોગવાઇ પણ સરકાર દ્વારા અમલી કરાઇ છે.

રાજ્ય સરકારના અધિકારી / કર્મચારીઓને બઢતીના વિકલ્પે ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની યોજના હાલ અમલમાં છે. જેમા ઉચ્ચતર પગાર ધોરણની મંજૂરી માટે પાત્રતા નક્કી કરવા માટેની મુખ્ય શરતો મુજબ કર્મચારી બઢતી માટેની બધી જ લાયકાત ધરાવતો હોવો જોઇશે. તે જોતાં ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતા માટે અધિકારી / કર્મચારીએ કોમ્પ્યુટર કૌશલ્યની લાગુ પડતી **C.C.C. / C.C.C.+** સ્તરની પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. તા ૩૦-૬-૨૦૦૮ સુધીમાં આ પરીક્ષા પાસ

કરવાની શરતો બઢતી આપવાની જોગવાઇ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાના કેસોમાં કઇ રીતે લાગુ પાડવી તે બાબત સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીભરી વિચારણાને અંતે સરકાર નીચે પ્રમાણે ઠરાવ છે:-

## ઠ રા વ -

(૧) કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો તા.૧-૧૦-૦૬થી અમલમાં આવેલા છે. તેથી તા.૧-૧૦-૦૬ પહેલાંની પશ્ચાદવર્તી અસરથી મંજૂર કરવાને પાત્ર ઠરતા ઉચ્ચતર પગાર ધોરણના આવા કેસોમાં કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરવાની જોગવાઇ લાગુ પાડવાની રહેશે નહીં.

(૨) તા.૧-૧૦-૦૬ થી તા. ૧-૭-૦૭ સુધીના સમયગાળાના ઉચ્ચતર પગાર ધોરણના જૂના કેસોમાં પાત્રતાની તારીખ પછી કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ હોય તો મૂળ પાત્રતાની તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરી શકાશે. કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરવાના બાકી કિસ્સામાં મોડામાં મોડું તા.૩૦-૬-૨૦૦૮ સુધીમાં પરીક્ષા પાસ કરવાની શરતે પાત્રતાની મૂળ તારીખથી કામચલાઉ ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે. તે માટે આ ઠરાવ સાથે જોડેલી અનુસૂચિમાં જરૂરી બાંહેધરી મેળવવાની રહેશે.

(૩) તા.૧-૭-૦૭થી ઉચ્ચતર પગાર ધોરણની અમલમાં આવેલી નવી

ન હોય તો મોડામાં મોડું તા. ૩૦-૬-૨૦૦૮ સુધીમાં આ પરીક્ષા પાસ કરવાની શરતે પાત્રતાની મૂળ તારીખથી જ કામચલાઉ રીતે ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરી શકાશે. તે માટે નાણા વિભાગ દ્વારા નિયત કરાયેલ અનુસૂચિમાં જરૂરી બાંહેધરી મેળવવાની રહેશે.

(૪) તા.૩૦-૬-૨૦૦૮ પછી ઉચ્ચતર પગાર ધોરણની પાત્રતાના કિસ્સામાં જો કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરેલી ન હોય તો આ પરીક્ષા જ્યારે પાસ કરે તે તારીખથી પાત્રતા ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.બી.ત્રિવેદી)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.